# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૯ તા.૦૧-૦૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **આયુષ્યમાન ભારત યોજના અન્વયે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રાજયના પ્રાથમિક વિભાગના શિક્ષકોની 'SPARSH' ઓનલાઈન તાલીમ બાબત.**

**સંદર્ભ :-** ક્રમાંક જશભ/ડીઆરયુ/૨૦૨૦/૧ તા.૦૧-૦૧-૨૦૨૧નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આયુષ્યમાન ભારત યોજના અન્વયે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત યુનેસ્કો અને જીસીઈઆરટી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તમામ શિક્ષકો માટે શાળા આરોગ્ય કાર્યક્રમ સંદર્ભે "SPARSH" (State Programme on Adolescent School Health) ઓનલાઇન તાલીમનું આયોજન કરેલ છે. સદર તાલીમમાં શિક્ષકો DIKSHA Portal ના માધ્યમથી જોડાય શકશે. તાલીમ અન્વયે કુલ-૧૧ કોર્ષના મોડયુલ DIKSHA Portal પર સમયાંતરે અપલોડ કરવામાં આવશે. હાલ ત્રણ મોડયુલના કોર્ષ અપલોડ કરેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવેલ સૂચના તથા બાયસેગના માધ્યમથી પ્રસારણ થનાર કાર્યક્રમની વિગત દર્શાવતું પત્રક અનુસાર શાળાદીઠ બે શિક્ષકોને બ્રાંડ એમ્બેસેડર તરીકે સદર કોર્ષની તાલીમ ફરજિયાત પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૧-૦૧-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्य मेव जयते
Govt. of Gujarat

**પ્રાચાર્ય**

**ક્રમાંકઃજશભ/ડીઆરયુ/૨૦૨૦/૧**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર**
**ગોતા- ઓગણજ રોડ,ગોતા ચોકડી પાસે, ગોતા,**
**અમદાવાદ -૩૮૦૦૬૦**
**ફોન / ફેકસઃ (૦૭૯) ૨૯૭૯૬૭૫૫**
ઇ-મેઇલઃ **diet-urban-ahd@gujarat.gov.in**, Web : www.dietahmdcity.org
**તારીખઃ૦૧/૦૧/૨૦૨૧**

---

**પ્રતિ,**
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

**વિષય:- આયુષ્યમાન ભારત યોજના અન્વયે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યના પ્રાથમિક વિભાગના શિક્ષકોની 'SPARSH' ઓનલાઇન તાલીમ બાબત**
**સંદર્ભ:- જીસીઈઆરટીનો પત્ર ક્રમાંક: જીસીઈઆરટી/PEC/૨૦૨૦/૧૮૯૧૧-૪૦, તા.૨૯/૧૨/૨૦૨૦.**

**મહાશય,**

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આયુષ્યમાન ભારત યોજના અન્વયે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત યુનેસ્કો અને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજ્યના પ્રાથમિક વિભાગની તમામ શાળાઓના (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓ) તમામ શિક્ષકો માટે શાળા આરોગ્ય કાર્યક્રમ સંદર્ભે **"SPArSH"(State Programme on Adolescent School Health)** ઓનલાઇન તાલીમનું આયોજન કરેલ છે. સદર તાલીમમાં શિક્ષકો **DIKSHA Portal** ના માધ્યમથી જોડાય શકશે. સદર તાલીમ અન્વયે કુલ-૧૧ કોર્ષના મોડ્યુલ **DIKSHA Portal** પર સમયાંતરે અપલોડ કરવામાં આવશે. હાલ ત્રણ મોડ્યુલના કોર્સ અપલોડ કરેલ છે.

- પ્રત્યેક મોડ્યુલમાં વિષયની પ્રસ્તાવના, વિષયવસ્તુને સમાવિષ્ટ કરતી " માહિતી, તેને સંલગ્ન વિડિયો, સંબંધિત માહિતીનો પ્રવર્તમાન અભ્યાસક્રમનો અનુબંધ અને અંતમાં મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર તાલીમ પૂર્ણ થયેથી તાલીમાર્થી શિક્ષકોને તાલીમ અંગેનું પ્રમાણપત્ર દિક્ષા પોર્ટલ પરથી ઓનલાઇન મળશે.
- **ઉપરોક્ત તાલીમના સ્થાયીકરણ હેતુ બ્રાંડ એમ્બેસેડર તરીકે પ્રત્યેક શાળા દીઠ બે શિક્ષકો ( એક મહિલા અને એક પુરૂષ તેમજ અન્ય શિક્ષકો સ્વૈચ્છિક ધોરણે આ સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં પોતાનું જીવંત યોગદાન આપે તે આવશ્યક છે.**
- આ સાથે ઉક્ત તમામ મોડ્યુલ્સની વધુ સ્પષ્ટ સમજ કેળવાય તેવા આશયે મોડ્યુલના વિષયને અનુરૂપ પ્રસિધ્ધ તજજ્ઞશ્રીઓ દ્વારા બાયસેગના માધ્યમથી પ્રસારણ કરવામાં આવનાર છે. તેનો પણ તાલીમમાં જોડાનાર શિક્ષકો લાભ મેળવે તે સુનિશ્ચિત કરશો.

**બાયસેગના માધ્યમથીપ્રસારણ થનાર કાર્યક્રમની વિગત દર્શાવતું પત્રક**

| તારીખ | કોર્સનું નામ | સમય | ચેનલ નંબર |
|---|---|---|---|
| ૦૪/૦૧/૨૦૨૧ | SPArSH ૧- તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ | સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ | વંદે ગુજરાત ચેનલ નં.-૫ |
| ૦૬/૦૧/૨૦૨૧ | SPArSH ૨ ભાવનાત્મક અને માનસિક આરોગ્ય | | |
| ૦૮/૦૧/૨૦૨૧ | SPArSH ૩ આંતરવૈયક્તિક સંબંધ | | |
| ૧૧/૦૧/૨૦૨૧ | SPArSH ૪ મૂલ્યો અને નાગરિકતા | | |
| ૧૩/૦૧/૨૦૨૧ | SPArSH ૫ જેન્ડર સમાનતા | | |
| ૧૬/૦૧/૨૦૨૧ | SPArSH ૬ પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા | | |
| ૧૮/૦૧/૨૦૨૧ | SPArSH ૭ નશીલા પદાર્થોના દુરુપયોગની રોકથામ અને વ્યવસ્થાપન | | |
| ૨૦/૦૧/૨૦૨૧ | SPArSH ૮ આરોગ્યપ્રદ જીવનશૈલીનો પ્રસાર | | |
| ૨૨/૦૧/૨૦૨૧ | SPArSH ૯ સંક્રમિત રોગો | | |
| ૨૫/૦૧/૨૦૨૧ | SPArSH ૧૦ હિંસા અને ઇજાઓ સામે સલામતી અને સુરક્ષા | | |
| ૨૮/૦૧/૨૦૨૧ | SPArSH ૧૧ ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાના સુરક્ષિતઉપયોગને પ્રોત્સાહન આપવું | | |

આપના જિલ્લામાં શાળાદીઠ બે શિક્ષકોએ બ્રાંડ એમ્બેસેડર તરીકે સદર કોર્ષની તાલીમ ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. જે મુજબના જરૂરી આદેશ આપની કચેરી દ્વારા કરવા જણાવવામાં આવે છે.

**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**અમદાવાદ-શહેર**

D:\office work\B.P.PARMAR\latter.docx